### દે.બારીઆ બેઠકમાંથી બહાર આવેલા કરોડોના મનરેગા કૌભાંડનુ પ્રકરણ

# માજી મંત્રી પુત્રની રાજ કન્સ્ટ્રક્શન કંપની ઉપર કાયદાકીય ગાળિયો વધુ મજબૂત બન્યો

વડોદરા ઝોન G.S.T. વિભાગ દવારા વાવડી બુઝુર્ગ મા બળવંત ખાબડ ના નામે આવેલ ચાર મિલ્કતો મા બીજા હક્કે નોંધ દાખલ કરવાની આકરી કાર્યવાહી

(પ્રતિનિધિ) દાહોદ, તા.4

દે.બારીઆ બેઠક ના ગામો માંથી કરોડો રૂપિયા ના બહાર આવેલા મનરેગા કૌભાંડ મા તત્કાલીન રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ ના બન્ને પુત્રો ની આરોપીઓ તરીકે ધરપકડ કરવામા આવી હતી.આ બન્ને મંત્રી પુત્રો બળવંત અને કિરણ ની ઈજારદાર એજન્સીઓ ને મનરેગા શાખા અંતર્ગત મટીરીયલ્સ સપ્લાય ના નામે દે.બારીઆ અને ધાનપુર તાલુકા પંચાયત ના સત્તાધીશો દવારા કરોડો રૂપિયા ના કરવામા આવેલા નાણાકીય ચુકવણાઓ મા કર ચોરી છુપાયેલ હોવાની શરૂ કરવામા આવેલ તપાસો મા વડોદરા સ્થિત આસિસ્ટન્ટ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષ (G.S.T.) વિભાગ દવારા સેવા શ્રી રાજ કન્સ્ટ્રક્શન ના પ્રોપરાઈટર બળવંત બચુભાઈ ખાબડ ના નામે આવેલ મિલ્કતો ઉપર બીજા હક્કે બોજો દાખલ કરી ને જરૂર પડ્યે મિલ્કતો જપ્ત કરવા સુધી આકરી કાર્યવાહીઓ હાથ ધરતા મનરેગા કૌભાંડ મા ડૂબકીઓ મારનારા ભલભલા ઈજારદાર એજન્સીઓ ચહેરાઓ ની ઉઘ હરામ થઈ જવા પામી છે.એટલા માટે કે શ્રી રાજ કન્સ્ટ્રક્શન દવારા મૂકવામા આવેલા મટીરીયલ્સ સપ્લાય ના બિલો અને આ મટીરીયલ્સ ની ખરીદીઓ કરતા વેચાણો ના આ બિલો સામે જી.એસ. ટી. વિભાગ દવારા ઝીણવટ પૂર્વક તપાસો શરૂ કરવામા આવી છે.

જો કે મનરેગા કૌભાંડ મા સૌથી મોખરે રહેલ બહુચર્ચિત મંત્રી પુત્ર ની શ્રી રાજ કન્સ્ટ્રક્શન કંપની દવારા મોટાપાયે કરચોરી કરવામા આવી હોવાની આશંકાઓ સાથે આ કંપની ના પ્રોપરાઈટર બળવંત બચુભાઈ ખાબડ ના નામે આવેલ મિલ્કતો ઉપર બોજો નાખવાની આકરી કાર્યવાહી વડોદરા સ્થિત જી.એસ.ટી. વિભાગ દવારા શરૂ કરવામા આવી છે. એમા ગોધરા શહેર ફરતે બળવંત ખાબડ ના નામે આવેલ ચાર મિલ્કતો ઉપર વડોદરા એન્ફોર્સમેન્ટ ડિવિઝન ૬ ના આસિસ્ટન્ટ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષ (૨) દવારા પ્રોવિઝન એટેચમેન્ટ ઓફ પ્રોપર્ટી સેક્શન 83 મુજબ બીજા હક્કે બોજો દાખલ કરવાની આકરી કાર્યવાહી ના આદેશ ફરમાવ્યો હતો. એમા વાવડી બુઝુર્ગ ખાતે બળવંત ખાબડ ના નામે આવેલ ચાર મિલ્કતો ઉપર વડોદરા જી.એસ.ટી. વિભાગ ના આદેશ ની નોંધ ને ગોધરા (શહેર) સર્કલ ઓફિસર એ.એ.રોઝ દવારા બીજા હક્કે દાખલ કરવાની આ નોંધ ને પ્રમાણીત કરી હતી.

### દાહોદ એલસીબી પોલીસનો સપાટો

# ઝાલોદની ધાવડીયા ચેકપોસ્ટ પરથી રૂા.3.88લાખનો દારૂભરેલી કાર ઝડપાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.4

દાહોદ એલસીબી પોલીસની ટીમ ગઈકાલે બપોરના સાડાબાર વાગ્યાથી સવા બેવાગ્યા દરમ્યાન ઝાલોદની ધાવડીયા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનો પર બાજ નજર રાખી ઉભી હતી. તે દરમિયાન ધાવડિયા ગામે ધાવડીયા ચેકપોસ્ટથી ઝાલોદ તરફ જતા રસ્તા ઉપરથી પસાર થઈ રહેલ હુન્ડાઈ કંપનીની જીજે ૩૮ બી એચ-૧૩૨૨ નંબરની નંબર પ્લેટ લગાવેલી ક્રેટા ફોરવિલ ગાડી પોલીસને શંકાસ્પદ લગતા પોલીસે તે ગાડીને ઓવરટેક કરી ઊભી રાખવા ઈશારો કરતા ગાડીના ચાલકે રસ્તાની સાઈડમાં ગાડીઉભી કરી દરવાજો ખોલી નજીકની ઝાડી ઝાંખરાની આડ લઈ નાસી છૂટયો હતો. જે ગાડીનો પોલીસે કબજો લઈ ગાડીના એન્જિન નંબર પરથી નંબર પ્લેટ પરનો નંબર ચકાસતાતે નંબર પ્લેટ ખોટા નંબર વાળી હોવાનું જણાઈ આવ્યું હતું અને તેનો સાચો નંબર આરજે ૩૫ સી એ-૯૬૯૯ હોવાનું જણાઈ આવતા પોલીસે સદર ગાડીની તલાસી લેતા ગાડીમાંથી ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગલિશ દારૂની કુલ પેટીઓ નંગ-૪૫ તથા બીજ છુટી બોટલો નંગ- ૧૯૭ મળી કુલરૂપિયા ૩,૯૯, ૨૬૫/- નીકુલ કિંમતની કુલ બોટલ નંગ- ૧૭૫૧ તથા રૂપિયા ૫૦૦૦/-ની કિંમતનો મોબાઈલ ફોન તથા રાજસ્થાન પાસિંગના સાચા નંબર નંબર પ્લેટો મળી આવતા

દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવયેલ રૂપિયા ૧૦ લાખની કિંમતની કેટા ફોરવિલ ગાડી મળી ફૂલ રૂપિયા ૧૪,૦૪,૨૯૧/-નો મુદ્દામાલ કબજે લઈ ઝાલોદ પોલીસને સુપરત કરી ગાડીના ચાલક વિરુદ્ધ ઝાલોદ પોલીસ - સ્ટેશનમાં કરિયાદ નોંધાવતા ઝાલોદ પોલીસે આગલ ખોટી નંબર પ્લેટનો સાચા તરીકે ઉપયોગ કરી વિદેશી દારૂની હેરાફેરીનો ઈરાદો પાર પાડવા નીકળેલ ક્રેટા ગાડીના ચાલક વિરુદ્ધ પ્રોહી એક્ટ છે. કલમ ૯૫ઈ,૯૮(૨), ૧૧૯(બી) કલમ તથા ડી એન એસ અધિનિયમ ૨૦૨૩ની ૩૩૯(૩), ૩૪૦(૨) ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદ જિલ્લામાં આપઘાતના બે બનાવો

# લીમખેડાના ચડિયા અને વાંગીવાડ ગામે બે યુવાનોએ ફાંસો ખાધો

(પ્રતિનિધિ) દાહોદ,તા.4

દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ આકસ્મિક મોતના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ લીમખેડા તાલુકાના ચડિયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ચેડિયા ગામે ગણાવા ફળિયામાં રહેતા ૧૭ વપીય સુરેશભાઈ પાંગળાભાઈ ભુરીયાએ રાત્રિના સમયે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘર નજીક આવેલા આંબાના ઝાડ પર દોરડી વડે ગળે ફાંસો ખાઈ લટકી જઈ જીવતર ટૂંકાવી લીધું હતું. આ સંબંધે ચેડિયા ગામે ગણાવા ફળિયામાં રહેતા ૪૫ વર્ષીય પાંગળાભાઈ માલજીભાઈ ભુરીયાએ લીમખેડા પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત કેફિયત ભરી લેખિત જાણ કરતા લીમખેડા તાલુકાના પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણ જનાર સુરેશભાઈ ભુરીયાની લાશને ગ્રામજનોની મદદથી આંબાના ઝાડ પરથી નીચે ઉતારી પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી પોસ્ટ મોર્ટમ માટે લાશને લીમખેડા સરકારી દવાખાને મોકલી આપી હતી.

જ્યારે જિલ્લામાં આકસ્મિક મોતનો બીજો બનાવ લીમડી તાલુકાના વાંગીવડ ગામે નિશાળ ફળિયામાં ગઈકાલે બપોરના પોણા બે વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં વાંગીવડ ગામના નિશાળ ફળિયામાં રહેતા ૧૯ વર્ષીય મેઘલભાઈ વાલસિંગભાઈ સંગોડ નામના આશાસ્પદ યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં લાકડાની પાટડી સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ જીવતર ટૂંકાવી લીધું હતું.

## લીમખેડા તાલુકા હેલ્થ કચેરી ખાતે રક્તપિતના દર્દીઓને પોષણ કીટ વિતરણ



લીમખેડા : લીમખેડા તાલુકા હેલ્થ કચેરી ખાતે ગાયત્રી પરિવાર દાહોદના સહયોગથી રક્તપિતના દર્દીઓને પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન લીમખેડા અને દેવગઢ બારિયા તાલુકાના કુલ 25 રક્તપિતના દર્દીઓને પોષણ કીટ આપવામાં આવી હતી. આ અવસરે રક્તપિત મેડિકલ ઓફિસર દ્વારા દર્દીઓને રક્તપિત રોગ દરમિયાન રાખવાની જરૂરી કાળજી અને યોગ્ય પોષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિશેષરૂપે, એક રક્તપિતના દર્દીને ગાયત્રી પરિવાર દ્વારા સાયકલ ભેટ રૂપે આપવામાં આવી હતી.

### છઠ્ઠી ગુજરાત રાજ્ય MMA ચેમ્પિયનશિપ યોજાઇ

# ગોધરાના વિજય સોલંકી કુમારે બીજો ક્રમ મેળવી નામ રોશન કર્યું

(પ્રતિનિધિ) ગોધરા,તા.4

તાજેતરમાં વડોદરા ખાતે 'ધ ડોજો મિક્સ માર્શલ આર્ટ અને ફિટનેસ જીમ'દ્વારા છઠ્ઠી ગુજરાત રાજ્ય મિક્સ માર્શલ આર્ટ (MMA) ચેમ્પિયનશિપ 2025નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં રાજ્યભરના યુવા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગોધરા તાલુકાના લાકોડના મુવાડા ગામના યુવાન ખેલાડી સોલંકી વિજયકુમાર જશવંતસિંહે પણ ભાગ લીધો હતો.

જોકે આ મુખ્યત્વે MMA ચેમ્પિયનશિપ હતી તેમ છતાં તેમાં આયોજિત સ્પર્ધામાં વિજયકુમારે પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. વિજયકુમાર જશવંતસિંહે આ MMA સ્પર્ધામાં



ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને દ્વિતીય ક્રમ (સિલ્વર મેડલ) હાંસલ કરી સમગ્ર પંથક નું ગૌરવ વધાર્યું છે. વિજય કુમારની આ સફળતા પાછળ તેમના ગામના કોચ જયદીપસિંહ ચૌહાણનું યોગ્ય માર્ગદર્શન અને તાલીમ રહેલા છે. કોચ જયદીપ ચૌહાણે તેમને MMAની સ્પર્ધા માટે તૈયાર કરીને યોગ્ય દિશા આપી હતી.

જેનું પરિણામ તેમને રાજ્ય કક્ષાની ચેમ્પિયનશિપમાં બીજો નંબર મેળવવામાં મળ્યું છે.સોલંકી વિજયકુમાર આ પહેલા પણ બોક્સિંગ સ્પર્ધાઓમાં અનેક વખત નંબર મેળવ્યા છે.

# રૂ 50 લાખના પોસ્ટ ડેટેડ ચેક રિટર્ન કેસમા 2ને નિર્દોષ છોડતી હાલોલ કોર્ટ

(પ્રતિનિધિ) કાલોલ,તા.4

હાલોલ તાલુકાના કંજરી ગામની સર્વે નંબર ૨૦૩૦ વાળી બિનખેતીની જમીન વૈશાલીબેન જીગ્નેશભાઈ શાહ પાસેથી સહકાર ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢી અને તેના બે ભાગીદારો પ્રહલાદભાઈ જસરાજભાઈ પટેલ તેમજ વેણીલાલ તુલસીદાસ પટેલ રે વડોદરાનાઓ દ્વારા વેચાણ દસ્તાવેજ કરી રૂ 3.60 કરોડ કિંમત નક્કી કરી હતી અને તે પેટે 20 લાખ ચૂકવી આપ્યા હતા તેમજ બાકીની રકમના પોસ્ટ ડેટેડ ચેક ફરિયાદીના લખી આપ્યા હતા. તે પૈકીનો તારીખ ૧૦/૦૧/૨૦૨૨ ના રોજ નો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા હરણી વડોદરા નો ચેક બંને ભાગીદારોની સહી વાળો રૂપિયા 50 લાખની રકમનો ચેક ફરિયાદીએ પોતાની બેંક ઓફ બરોડા હાલોલ ખાતે જમા કરાવતા અપૂરતા ભંડોળના કારણે પરત આવેલ જે બાદ નોટિસ આપી હાલોલ ના જ્યુડીશિયલ એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં ક્રિમિનલ કેસ દાખલ કર્યો હતો. જે કેસમાં આરોપી તરફ એડવોકેટ જે.બી જોશી અને વી એચ ગોહિલ હાજર રહ્યા હતા.

ફરિયાદી અને આરોપીઓ વચ્ચે તા ૨૧/૦૮/૨૧ ના રોજ વેચાણ દસ્તાવેજ થયો હતો તે જ દિવસે ફરિયાદી અને આરોપી વચ્ચે નોટરી રૂબરૂ સમજુતી કરાર પણ કરવામાં આવેલો. સમજૂતી કરાર ની શરત મુજબ જો કોઈ કોર્ટ મને હુકમ ન આપે તો જ ચેકો ભરવાના થાય તેવી શરત છે. સવાલ વાળી જમીનના ફરિયાદી માલિક બનેલા છે પરંતુ તેનો અવેજ તેઓએ જમીનના મૂળ માલિકને ચૂકવી આપ્યો નથી અને મૂળ માલિકે વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે દાવો પણ કરેલ છે અને કલેક્ટર દ્વારા મનાઈ હુકમ આપવામા આવ્યો છે. રેવન્યુ વિભાગમાં પણ લીટીગેશન ઉભા થયેલ છે. વધુમાં ફરિયાદીએ ટાઈટલ ક્લિયર થયા બાદ જ પોસ્ટ ડેટેડ ચેક બેંકમાં ભરવાના હતા તેવી સમજૂતી કરારમાં વિગત લખેલી હતી. અને ટાઈટલ ક્લિયર કરવાનો બોજો ફરિયાદી ઉપર હતો. વધુમાં ફરિયાદીને આપેલ પોસ્ટ ડેટેડ ચેક એડવાન્સ પેમેન્ટ છે જે કાયદેસરનું લ્હેણુ કહી શકાય નહી તેવી દલીલો આરોપી એડવોકેટ જે.બી જોશી દ્વારા કરી એપેક્સ કોર્ટોના જુદા જુદા ચુકાદાઓ રજૂ કરતા હાલોલના એડી ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ આર બી જોશી દ્વારા ફરિયાદી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શક્યા ન હોવાથી ભાગીદારી પેઢી સહિત બંને ભાગીદારોને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

## દાહોદ નજીકના મીરાખેડી ગામેથી પસાર થતી એક આઈસર ગાડીનું અચાનક ટાયર ફાટતા સામેથી આવતી પીટોલ ડીસા બસ સાથે ટકરાઇ



**દાહોદ :** આ ઘટના બનતા હાઈવે ઉપર ટ્રાફિક જામના દ્રશ્ય સર્જાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ નજીકના મીરાખેડી નજીક હાઈવે ઉપર એક આઈસર ગાડી પસાર થઈ રહી હતી તે વેળાએ ગાડીનું નિયંત્રણ ખોવાતા સામેથી આવતી પીટોલ ડીસા બસ સાથે આઈસર ઘસડાતા બસના એક તરફના ભાગે નુકસાન થયું હતું મુસાફર થી ભરેલી બસ સાથે અકસ્માત સર્જાવા છતાં કોઈ જાનહાની થઈ ન હતી અને સૌનો આબાદ બચાવો થયો હતો જો કે આ અકસ્માત પગલે હાઈવે નો ટ્રાફિક કેટલાક સમય માટે જામ થઈ ગયો હતો પોલીસે અકસ્માત સંદર્ભે કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદ જિલ્લામાંથી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત

# શાળાકીય જુડો રમતસ્પર્ધામાં કુલ 12 મેડલ મેળવી ખેલાડીઓએ જિલ્લાનું નામ રોશન કર્યું

(પ્રતિનિધિ) સિંગવડ,તા.4

દાહોદ જિલ્લામાંથી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની શાળાકીય જુડો રમતસ્પર્ધામાં કુલ 12 મેડલ મેળવી ખેલાડીઓએ જિલ્લાનું નામ રોશન કર્યું છે.

સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત જુડો રમતની રાજ્યકક્ષા અંડર ૧૪ અને ૧૭ વય જૂથની શાળાકીય સ્પર્ધાનું આયોજન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ જિલ્લા ખાતે થયેલ હતું. જેમાં દાહોદ જિલ્લાના ખેલાડીઓએ ઉત્સાહ પૂર્વક જુડો રમતમાં ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધા દરમિયાન ખેલાડીઓ દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને જુડો રમતની રાજ્યકક્ષાની શાળાકીય સ્પર્ધામાં કુલ 12 મેડલ પ્રાપ્ત કર્યા છે. જેમાં 5 ગોલ્ડ મેડલ, 2 સિલ્વર મેડલ,અને 5 બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી દાહોદ જિલ્લાનું નામ રોશન કરેલ છે. જેમાં દેવગઢ બારીયા ની સર રણજીતસિંહ જી હાઈસ્કુલ તેમજ લીમખેડા તાલુકાના નવાવડીયા ગામની શ્રી સોનલકુંજ વિદ્યાલયના બાળકોએ ભાગ લીધો હતો. તમામ વિજેતા ખેલાડીઓને રાજ્યકક્ષા માં મેડલ પ્રાપ્ત કરવા અને શાળા અને દાહોદ જિલ્લાનું નામ રોસન કરવા બદલ રમતગમત વિભાગ દાહોદ દ્વારા ખુબ ખુબ અભિનંદન પઠાવવામાં આવ્યા છે.

### સત્ય વિજય હનુમાનજી મંદિર રામ ટેકરી આશ્રમ પ્રારંભ થયો

# યાત્રાધામ પાવાગઢ ખાતે દેવ દિવાળી નિમિતે પદયાત્રા પરિક્રમાનો પ્રારંભ

(પ્રતિનિધિ) હાલોલ,તા.4

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે દેવ દિવાળી નિમિતે પદયાત્રા પરિક્રમા સત્ય વિજય હનુમાનજી મંદિર રામ ટેકરી આશ્રમ પ્રારંભ થયો. છેલ્લા ઘણા વર્ષોથી બ્રહ્મલીન સંત પરમ પૂજ્ય ગરબડદાસબાપુ એ શરૂ કરેલ પાવાગઢ ડુંગર પર બિરાજ માન માં ભગવતી મહાકાલી તેવા સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ડુંગરની આ 28મી પરિક્રમા આજરોજ શ્રી સત્ય વિજય હનુમાનજી મંદિર રામટેકરી આશ્રમ ખાતેથી બપોરના બે કલાકે શાસ્ત્ર વિધિ પ્રમાણે માતાજીની પૂજા અર્ચના



કરી 52 ગજની ધજા સાથે પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું તે સમયે હાલોલ તથા પાવાગઢના અસંખ્ય ભક્ત મેરામણઅને અગ્રણીઓ હાજર રહ્યા હતા અને આ પરિક્રમામાં વડીલો માતાઓ નાના બાળકો પણજોડાયા હતા હાલ બ્રહ્મલીન સંત શિરોમણી ગરબડદાસજી બાપુના શિષ્ય ગોપાલદાસજી મહારાજ તેમની આગેવાનીમાં આ પદયાત્રા આરંભવી છે ત્યારે પ્રથમ દિવસે ટપલાવાવ હનુમાનજી મંદિરખાતે અલ્પાહાર કરી સાંજે રામાપીર મંદિર ઉપર ભજન સંધ્યા કરી રાત્રિ રોકાણ કરશે તારીખ 4. 11.2025 ના રોજ સવારે કોટ કાલી મેલડીમાના મંદિરે નાળિયેર તોરણ અર્પણ કરી પૂજા અર્ચના કરી બપોરે ઘોડી ગામે ભાથીજી મંદિરે પ્રસાદ લઈ પરત શ્રી સત્યનારાયણ હનુમાનજી મંદિર રામટેકરી ખાતે રાત્રી રોકાણ કરી તારીખ 5.11.2000 ના રોજ જગતજનની માં મહાકાળી માતાજીના મંદિરે 52 ગજની ધજારોહણ કરી યાત્રા પૂર્ણ થશે.

### ફતેપુરા સહિત સુખસર તાલુકામાં કમોસમી વરસાદના દિવસો વિતવા છતાં પાકનું સર્વે કરવામાં આવેલ નથી

# બલૈયા પંથકમાં પુન: કમોસમી વરસાદ થતાં ખેડૂતોના પાક સહિત ઘાસમાં સંપૂર્ણ નુકસાન

(પ્રતિનિધિ) સુખસર,તા.4

ફતેપુરા તાલુકા સહિત સુખસર તાલુકામાં થોડા દિવસ અગાઉ કમોસમી વરસાદ થતાં ડાંગર તેમજ અન્ય પાકોને નુકસાન થવા પામ્યું હતું. વરસાદથી ભીંજાયેલા ડાંગર જેવા પાકો તથા ઘાસને સુકવવા ખેડૂતો કામે લાગી થોડા ઘણા અંશે અનાજ તથા ઘાસ બચાવવાની કોશિશ કરી રહ્યા હતા.ત્યારેજ ગત રાત્રિના ફરીથી કમોસમી વરસાદ થતાં અનાજ સહિત ઘાસ સંપૂર્ણ રીતે ભીંજાઈ જતા ખેડૂતોની ધારણા ખોટી પડી હોવાનું જાણવા મળે છે. જાણવા મળેલ વિગતો મુજબ થોડા દિવસ અગાઉ સુખસર સહિત



ફતેપુરા તાલુકામાં મોટાભાગના ગામડાઓમાં કમોસમી વરસાદ થતાં ખાસ કરીને ડાંગર જેવા પાકો તેમજ ઘાસ ભીંજાઈ જતા ખેડૂતોના જીવ તાળવે ચોટ્યા હતા. પરંતુ ખેડૂતોએ અનાજ તથા ઘાસ બચાવવા ખેતરોમાંથી અનાજ સાથે ઘાસ ખેતરોના શેઢા પાળી ઉપર લાવી અનાજ સહિત ઘાસને સુકવવા કામે લાગ્યા હતા.પરંતુ ફરીથી ગતરોજ રાત્રીના એકાએક કમોસમી વરસાદ ત્રાટક્યો હતો.જેમાં બચાવ માટે સેઢા પાળી કે ખુલ્લી જમીનમાં રાખેલા ભીંજાયેલા ડાંગરનો પાક અને ઘાસ સુકાય જેમાંથી થોડી ઘણી આવક સહિત પશુઓને ઘાસચારો મળી રહેશે તેવી આશા બંધાયેલી હતી.પરંતુ ગતરાત્રિના વરસાદે પડતા ઉપર પાટુ પડતું હોય તેમ કમોસમી વરસાદ વરસતા ઘાસ અને અનાજ માટે ખેડૂતોને જેઆશા હતી તેના ઉપર પણ પાણી ફરી વળ્યું છે.જેથી ખેતીવાડી માટે કરેલ ખર્ચ વ્યર્થ ગયો છે.તેમજ આવનાર સમયમા પશુઓને ખવડાવવા માટે ઘાસચારાની પણ તીવ્ર તંગી ઊભી થાય તેવા અણસાર જણાતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ત્યારે ખેડૂતોની ખેતી નિષ્ફળતા માટે સરકાર તાત્કાલિક ધ્યાન આપે અને સહાય જાહેર કરે તેવી ખેડૂતોની માંગ ઉભી થવા પામેલ હોવાનું જાણવા મળે છે.

### બાઇકને ટક્કર મારી આઇશર ચાલક ફરાર થઇ ગયો

# ઝાલોદ તાલુકાના સીમળીયા ગામે આઈસર ટેમ્પોની ટક્કરે બાઈક ચાલકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ,તા.4

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સીમળીયા ગામે પુરપાટ દોડી આવતા આઈસર ટેમ્પો એ મોટરસાયકલને ટક્કર મારી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માત માં મોટરસાયકલ ચાલકને ગંભીર ઈજાઓ થતા તેનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યાનું પોલીસ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. એક આઈસર ટેમ્પોનો ચાલક તેના કબજાને જીજે-૦૬એ.એકસ-૩૪૯૨ નંબરનો આઈસર ટેમ્પો પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી ઝાલોદ તાલુકાના સીમળીયા ગામે રોડ પર સામેથી આવી રહેલી જીજે ૨૦બી.ઈ-૦૫૫૪ નંબરની મોટર સાયકલને જોશભેર ટક્કર મારી રોડ પર મોટર સાયકલ સાથે પાડી દઈ નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલક સિંગવડ તાલુકાના મંડેર ગામના ભુરીયા ફળિયામાં રહેતા ૨૮ વર્ષીય મેહુલભાઈ વજેસિંગભાઈ ભુરીયાને માથે ના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમજ મોટરસાયકલ પાછળ બેઠેલ મંડેર ગામના ભુરીયા ફળિયામાં રહેતા શૈલેષભાઈ બાબુભાઈ ભુરીયા ને શરીરે ઓછી વધતી ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ તથા લીમડી પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને ગંભીર ઈજાગ્રસ્ત મેહુલભાઈ વજેસિંગભાઈ ભુરિયાને તથા ઈજાગ્રસ્ત શૈલેશભાઈ ભુરીયા ને ૧૦૮ મારફતે લીમડી સરકારી દવાખાને સારવાર અર્થે મોકલી આપ્યા હતા. જ્યાં સુધી મેહુલભાઈ ભુરીયાની સ્થિતિ ગંભીર બનતા તેને વધુ સારવાર માટે રિફર મેમો સાથે વડોદરા સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. આ સંબંધે મંડેર ગામના ભુરીયા ફળિયામાં રહેતા ઈજાગ્રસ્ત શૈલેષભાઈ બાબુભાઈ ભુરીયાએ નોંધાવેલી ફરિયાદને આધારે લીમડી પોલીસે આઈસર ટેમ્પોના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.